

# આસમાના રંગની ચુંદડી રે.. માની ચુંદડી લહેરાય



## ભારતના આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ કલ્ચરલ ફોરમના ગરબા માણ્યા












ભારત સરકારના આરોગ્ય, પરિવાર કલ્યાણ, કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા અને પરિવારજનોએ સાતમા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માણ્યા હતા. ખેલૈયાઓના અદભુત નર્તન અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના આયોજનથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. તેમણે મહાઆરતી વિશેની વિગતોની જાણકારી મેળવી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રીકૃષ્ણકાન્તભાઈ જહાએ તેમનું ખેસ પહેરાવીને સ્વાગત-અભિવાદન કર્યું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં સાતમા નોરતે ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલે આરતી ઉતારી હતી. મહાનગરપાલિકાના દંડક શ્રીમતી તેજલબેન નાયી અને પરિવારજનો પણ આરતીમાં જોડાયા હતા. ગુજરાત રાજ્યના અધિક મુખ્ય વન સંરક્ષક અને ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી આર.કે. સુગુર પણ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માણવા પધાર્યા હતા. ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક દીપ્તિ દેસાઈ અને સંગીતકાર અમિત ઠક્કર તથા સહગાયકો સોનિક સુથાર અને દ્યુતિ બુચે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. સાતમા નોરતે બેસ્ટ પર્ફોર્મન્સ પ્રિન્સેસ તરીકે રિધ્ધીબા ડાભી વિજેતા થયા હતા. જ્યારે પ્રિન્સ તરીકે નિશાંત ચાવડા વિજેતા થયા હતા. વિહા દવે અને મિહિર જોશી રનર્સ અપ રહ્યા હતા. નિકુંજ મકવાણા અને રિયા ગાંધીની જોડી બેસ્ટ પેર તરીકે વિજેતા થઈ હતી. જ્યારે નિમેષસિંહ સોલંકી અને દર્શના રાઠોડની જોડી રનર્સ અપ રહી હતી. ૩૫ વર્ષથી વધુ વયની કેટેગરીમાં બેસ્ટ ક્વીન તરીકે અરુણા પટેલ અને કિંગ તરીકે તારક પંડ્યા વિજેતા થયા હતા. આ કેટેગરીમાં રેશ્મા પટેલ અને જોગેન્દ્ર રાજોરા રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ તરીકે કેપ્ટન નિધિ રાઠોડ શાહ અને પ્રિન્સ તરીકે અનુરાગ શાહ વિજેતા થયા હતા. કોમલબા ઝાલા અને રવિ પટેલ રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ટીનેજર પ્રિન્સેસ તરીકે મિલ્સી કાપડિયા અને પ્રિન્સ તરીકે જૈવલ ભટ્ટ વિજેતા થયા હતા. આ કેટેગરીમાં મોક્ષાબા વાઘેલા અને વ્રજ ભટ્ટી રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ કીડ કેટેગરીમાં બેસ્ટ કીડ ગર્લ તરીકે રાજબીર ગંગવાણી અને બોયઝમાં વેદ પટેલ વિજેતા થયા હતા. જ્યારે અવની જયમીન પટેલ અને સાલ્વીક માલવી રનર્સ અપ રહ્યા હતા. બેસ્ટ ચાઈલ્ડની કેટેગરીમાં પ્રિશા પટેલ અને હયાન સુરતી વિજેતા થયા હતા. જ્યારે ક્રિનલ ચાવડા અને રિશીત કણજારીયા રનર્સ અપ રહ્યા હતા. નિર્ણાયકો તરીકે પાયલબેન ઘોડાદરા, મેહુલભાઈ શાહ, નીતિનભાઈ દવે, ડૉ. અપૂર્વા રાવલ છાયા અને દ્રષ્ટિ કર્ણ ભટ્ટે સેવાઓ આપી હતી.

### રાજ્ય સરકારનો વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય

# ૪ પાકના ટેકાના ભાવની ખરીદી માટે રજિસ્ટ્રેશનની મર્યાદા લંબાવી

### રાજ્યમાં ટેકાના ભાવે મગફળી મગ અડદ અને સોયાબીનની ખરીદી માટે નોંધણી તા.૧૦મી નવેમ્બર સુધી લંબાવવામાં આવી

ગાંધીનગર,તા.૩

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે રાજ્યમાં રાજ્યમાં ટેકાના ભાવે મગફળી મગ અડદ અને સોયાબીનની ખરીદી માટે નોંધણી તારીખ ૧૦મી નવેમ્બર સુધી લંબાવવાનો રાજય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.કૃષિ મંત્રી ઉમેર્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ ના ખરીફ પાકો મગફળી, મગ, અડદ, અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભ પાંચમ એટલે કે તારીખ ૨૯ ઓક્ટોબર ૨૦૨૨ થી કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કરાયો હતો.તે માટે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદીનું સઘન આયોજન કરવામાં આવેલ છે.વર્ષ ૨૦૨૨-૨૩ માં મગફળીની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા ગુજકોમાસોલની રાજ્ય નોડલ એજન્સી તરીકે નિમણૂક કરી છે. તેમણે ઉમેર્યું કે,ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી માટે ખેડૂત નોંધણી ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે તારીખ ૨૫ સપ્ટેમ્બર થી શરૂ થયેલ છે જે ૨૪ ઓક્ટોબર ૨૦૨૨ સુધી થનાર હતી. પરંતુ કેટલાક જિલ્લામાં વી સી ઈ ની હડતાલના કારણે નોંધણી થઈ શકેલ નથી. આથી ખેડૂતોને નોધણીમાં મુશ્કેલીના ન પડે અને તમામ ખેડૂતોને નોંધણીની તક મળી રહે તે માટે હવે ખેડૂત નોંધણી ૧૦મી નવેમ્બર સુધી કરાશે આથી સર્વે ખેડૂત મિત્રોએ ટેકાના ભાવે ખરીદી માટે સત્વરે ઈ ગ્રામ કેન્દ્ર ખાતે જરૂરી દસ્તાવેજો સાથે સત્વરે નોંધણી કરાવવા અનુરોધ છે.

# ઉનાની મુલાકાતે ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ

### ઉનામાં પાટીલે કાર્યકર્તાઓને સંબોધીત કર્યા હતા જેમાં કોંગ્રેસ અને આપ પાર્ટી પર આકરા નિવેદન કર્યા હતા : ઉનામાં સિનેમાનું ઉદઘાટન કરી સભા સંબોધી

ગીર સોમનાથ,તા.૩

ગુજરાત વિધાનસભાની ચુંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારમાં જોર લગાવી રહ્યા છે. આ વખતે ગુજરાતમાં આપની એન્ટ્રીથી ભાજપ અને કોંગ્રેસનું સમીકરણ બગડી શકે છે ત્યારે હવે કોંગ્રેસ અને ભાજપના નેતાઓ પણ આપના રેવડી કલ્ચર પર નિશાન સાધી રહ્યા છે. આજે ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ ગીર સોમનાથ જિલ્લાના ઉનાની મુલાકાતે હતા. જયાં તેમણે ઉનામાં સિનેમાનું ઉદઘાટન કરી જંગીસભાને સંબોધન કર્યું હતું.

સી આર પાટીલે ભાષણ દરમિયાન કોંગ્રેસ અને આપ પર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસને નિશાને લેતા કહ્યું હતું કે હવે વિકાસ નહી કોગ્રેસ ગાંડી થયેલ છે. સોનીયા ગાંધીનુ રીમોટ તૂટયું છે. ૨૭ વર્ષથી કોગ્રેસને ગુજરાતમાંથી જાકારો મળ્યો છે. અને આ વખતે પણ જનતા કોંગ્રેસને જાકારો આપશે. કોગેસનો કુંવર જ્યા જાય છે ત્યા હારે છે. તો બીજી તરફ આપના રેવડી કલ્ચર પર પણ ફરી પ્રહાર કરતાં કહ્યું હતું કે છઈઁ તમારા મોબાઈલમાં ગેરંટી આપે છે, મોદી જે કહે છે તે કરે છે અને કર્યુ પણ છે. ગુજરાતમાં સત્તા મેળવવા આપ પાર્ટી જનતાને લાલચ આપવાનો પ્રયત્ન કરે છે. ગુજરાતમાં પાંચ લાખ સરકારી કર્મચારી તેમજ અધિકારીઓ છે. આપવાળા કહે છે કે હું ૧૦ લાખ લોકોને નોકરી આપીશ.બધી ભરાયેલી છે તો ૧૦ લાખને નોકરી કેવી રીતે આપશે તે મોટો સવાલ છે. પણ બીજી તરફ ભારતીય જનતા પાર્ટી જે કહે છે તે કરે છે. ગીર સોમનાથના પ્રવાસ દરમિયાન બેટ દ્વારકામાં ડીમોલેશનની કામગીરી મામલે પણ સી આર પાટીલે નિવેદન આપ્યું હતું.

અને કહ્યું હતું કે સરકારે દ્વારકામાં મોટું ડીમોલેશન હાથ ધર્યું છે. અનેક ગેર કાયદેસર બાંધકામો તોડી પડાયા છે. દ્વારકા કૃષ્ણની નગરી છે, ત્યાં બીજું કંઈ ન હોય, આ સાથે જ ભાજપ કાર્યકર્તા અને લોકોને અપીલ કરી હતી કે સરકાર અને તંત્રનો સોશિયલ મીડિયા દ્વારા આભાર વ્યક્ત કરાય તેવી કામગીરી ત્યાં કરવામાં આવી છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા મહિલાઓને મોટી ભેટ આપશે

અમદાવાદ,તા.૩

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દેશની મહિલાઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં રુચિ ધરાવતી મહિલાઓને મહત્વની ભેટ આપશે. ગુજરાત યુનિવર્સિટીના સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન કાઉન્સિલ સેન્ટરના નવા સહાસ એટલે કે હર સ્ટાર્ટ પ્રોગ્રામની શરૂઆત કરાવશે. મંગળવારે રાષ્ટ્રપતિ સ્ટાર્ટ પ્રોગ્રામને ડિજિટલ પ્લેટફોર્મ થકી દેશી મહિલાઓ માટે ખુલ્લો મુકશે. પ્રધાનમંત્રી દ્વારા યુવાનો માટે સ્ટાર્ટઅપ પ્રોગ્રામ અમલી મૂક્યો હતો જેમાં મોટી સંખ્યામાં યુવાનો પોતાના આવડત અને કૌશલ્ય દ્વારા સંશોધિત કરવામાં આવેલ નવી બાબતોને લોકો વ્યવહારુ જીવનમાં કેવી રીતે ઉપયોગી સાબિત તે માટે કામ કરી રહ્યા છે, ત્યારે હવે ખાસ માત્ર મહિલાઓ કે જેઓ સ્ટાર્ટઅપ ક્ષેત્રે રુચિ ધરાવતી હોય અને જેમની પાસે નવા સંશોધનો અને વિચાર હોય તેમના માટે એક અલાયદી વ્યવસ્થા ઉભી થવા જઈ રહી છે. હર સ્ટાર્ટ નામના ડિજિટલ પ્લેટફોર્મ પર અને માત્ર ગુજરાત પરંતુ દેશભરની મહિલાઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે. સાથે સાથે આ મહિલાઓ માટે ઈન્ફીબેશન સેન્ટર અને માર્ગદર્શન પણ મળશે જેના છે કે તેઓ તેમની પાસે રહેલ આવડત કૌશલ્ય પોતાના પગ પર કેવી રીતે ઉભા થઈ શકે તે માટેની તક આપવામાં આવશે




આઠમના દિવસે અમદાવાદના ભદ્ર ખાતે માતાજીના દર્શન માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

## ઘર મળ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસ બાંધવામાં આવ્યા હતાં.

ઈકોનોમિક વિકર સેક્શન મતલબ કે આર્થિક નબળા વર્ગના પરિવાર માટે ગુડાએ બાંધેલા આવાસની કિંમત રૂપિયા ૮.૫૦ લાખ નિયત કરાયેલી છે. પરંતુ ૧.૫૦ લાખ કેન્દ્ર અને ૧.૫૦ લાખ રાજ્ય સરકાર ભોગવવાની હોવાથી લાભાર્થીએ ઘરના ઘર માટે રૂપિયા ૫.૫૦ લાખ જ ચૂકવવાના રહેશે. ૩૭ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા આવાસમાં એક બેડરૂમ, હોલ, કિચન અને ટોઈલેટ મળશે. ઉપરાંત એપાર્ટમેન્ટમાં લિફ્ટ, ફાયર સેફ્ટી, સંકુલમાં બાળકો માટે રમત ગમતની અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સુવિધા પણ આપવામાં આવી છે.

## એંધાણ આપ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી' ના નેજા હેઠળ ચૂટંણી લડે તેવી પણ વાત આવી હતી. ત્યારબાદ હવે શંકરસિંહ વાઘેલા મંગળવારે કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડીયા સાથે એક પત્રકાર પરિષદનું આયોજન કરતાં રાજકીય વર્તુળોમાં અનેક ચર્ચા જાગી છે. શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાંથી ૨૦૧૭માં અલગ થઈ ગયા હતા. પોતાની જનશકિત પાર્ટી વતી ચૂંટણી લડવાની જાહેરાત પછી અપક્ષ ઉમેદવારોને ટેકો આપી મત મેળવવા નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. તેવામાં વિધાનસભાની ચૂંટણીના ઢોલ વાગતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસમાં જોડાવાનો વધુ વખત સંકેત આપ્યો છે.ત્યારે આ પત્રકાર પરિષદમાં કયા મુદ્દે ચર્ચા થશે અને કોઈ મોટી જાહેરાત થશે કે કેમ ? તેના પર જાણકારો મીટ માંડીને બેઠા છે.

## વરણી કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચેરમેન તરીકે મંગળદાસ કે પટેલ તેમજ જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર તરીકે સુરેશકુમાર એન મહેતાની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. નવા હોદેદારોની નિમણુંકને સૌ કોઈએ વધાવી અભિનંદન પાઠવ્યા હતા. નગરના અગ્રણીઓએ પણ નવા હોદેદારોને શુભકામના પાઠવી મંડળીની પ્રગતિ અને ઉત્તમ વહીવટ માટેની આશા વ્યકત કરી હતી.

## કામ શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે હાલ નવરાત પર્વ દરમિયાન ઘ માર્ગની બાકી કામગીરી પણ પુર્ણ કરવા કામ શરૂ કરી દેવાયુ છે. જે અન્વયે ઘ -૪ થી ઘ-૭ વચ્ચે રીસરફેસીંગની બાકી કામગીરી પુર્ણ કરી દેવાશે. દિવાળી પુર્વે આ કામ પુર્ણ કરી દેવાનુ આયોજન છે. જો કે હજુ પણ સે-૧૦ અને સે-૧૧ ના આંતરિક માર્ગોની કામગીરી પણ શરૂ કરવાની બાકી છે. શહેરમાં હવે વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી તેજ ગતિએ હાથ ધરવામાં આવશે બીજીતરફ કોર્પોરેશન દ્વારા શહેરના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની દશા સુધારવા માટે માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરવામાં આવશે. શહેરના સે-૧ થી ૫ માં માર્ગોની સુધારણા હાથ ધરવામાં આવશે નવરાત બાદ સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પણ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત શહેરના ઉભા અને આડા માર્ગોને અનુલક્ષીને માર્ગોને ચકાચક બનાવવા માટે કામ શરૂ કરાશે

## પંડાલમાં આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પોલીસ પ્રશાસને જણાવ્યું છે કે આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોના પરિવારજનોને અકસ્માતની જાણકારી આપવામાં આવી છે. કેટલાક ઘાયલોના સંબંધીઓ હોસ્પિટલ પહોંચ્યા છે. સ્થાનિક હોસ્પિટલમાં ઘાયલોની યોગ્ય સંભાળને લઈને સૂચનાઓ જારી કરવામાં આવી છે.

ભદોહીના ડીએમએ જણાવ્યું કે હોસ્પિટલમાં દાખલ લોકો ૩૦થી ૪૦ ટકા જેટલું દાઝી ગયા છે. ઝી મીડિયાના પત્રકારના જણાવ્યાં મુજબ જે સમયે પંડાલમાં આગ લાગી ત્યારે લગભગ ૧૫૦થી વધુ લોકોની ભીડ ભેગી થઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાં મુજબ કાર્યક્રમ સ્થળે અચાનક આગ લાગી અને જોત જોતામાં તો આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને પંડાલમાં ભાગદોડ મચી ગઈ. આગમાં કુલ ૬૪ જેટલા લોકો દાઝી ગયા. ઔરાઈ સ્થિત નારથુઆ ગામમાં શિવ મંદિર પાસે પોખરા (તળાવ) પર દર વર્ષની જેમ આ વર્ષે પણ દુર્ગા પૂજા પંડાલ સ્થાપિત કરાયો હતો.

## હેલીકોપ્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ હેલિકોપ્ટરની તાકાત વાયુસેનામાં જોડાયેલા પ્રચંડની તાકાત દુશ્મનોને ધ્રૂજાવી દે તેવી છે. ૧. પ્રચંડ હેલિકોપ્ટર દુશ્મના 'સ્ટીલ્થ' (રડારથી બચવાની) ખાસિયત ધરાવે છે, આ સાથે દુશ્મના વારને ખમી શકે તેવી તાકાત આ હેલિકોપ્ટરને આપવામાં આવી છે.

## ચેકબુક મળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખજાનચી રવિ કેજરીવાલનું નિવેદન નોંધ્યું હતું. તેમણે કથિત રીતે કહ્યું હતું કે, મુખ્યમંત્રીએ તેમની હાજરીમાં મિશ્રાને 'સંથાલ પરગણાથી પથ્થર અને રેતીના ખનન વ્યવસાયોમાંથી આવતા નાણાં સીધા પ્રેમ પ્રકાશને સોંપવાનો નિર્દેશ આપ્યો હતો.'

ઝારખંડ પોલીસને ૨૪ ઓગસ્ટના રોજ રાંચીમાં દરોડા દરમિયાન પ્રકાશના ઘરેથી બે એકે-૪૭ મળી આવી હતી. સોરેને પદનો લાભ લઈ માઈનિંગ લીઝનું ખાતું પોતાને હસ્તક રાખ્યું હતું. તેથી તેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ઓગસ્ટમાં ચૂંટણી પંચે સોરેનને અયોગ્ય ઠેરવતી અરજી ઉપર રાજ્યપાલ રમેશ બૈસને પોતાનો અભિપ્રાય મોકલ્યો હતો. મુખ્યમંત્રીની વિનંતી છતા પંચે અભિપ્રાય જાહેર કરવાનો ઈનકાર કર્યો છે. સોરેનના સચિવ વિનય ચૌબેએ આ અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારે તેમના મીડિયા સલાહકાર અભિષેક પ્રસાદે ઈડીની ચાર્જશીટને લગતા કોલ અને મેસેજનો જવાબ આપ્યો નથી. જેએમએમના પ્રવક્તા મનોજ પાંડેએ જણાવ્યું હતું કે પાર્ટી વિચારણા હેઠળના મુદ્દા ઉપર ટિપ્પણી કરશે નહીં.